

“ થોડી ક્ષણો ઉજવવાની છે, થોડી સહેવાની છે, જીવનમાં લીલી- સૂકી તો આવતા રહેવાની છે.”

વિક્રમ સંવત ૨૦૮૩નું નવું વર્ષ આપના માટે થોડી ખુશી થોડા ગમ જેવા પરિણામો આપનારું સાબિત થશે. સમગ્ર વર્ષ દરમિયાન ગ્રહોની ચાલને કારણે મિશ્ર પરિસ્થિતિ બને. ગુરુના સાનુકૂળ અને શુભ પ્રભાવથી વર્ષના કેટલાક મહત્વપૂર્ણ સમયગાળા દરમિયાન યશ, પદ, પ્રતિષ્ઠા, આવક અને વ્યાવસાયિક પ્રગતિની ઉત્તમ તકો પ્રાપ્ત થશે. અટકેલા કામો આગળ વધતા જણાય. જોકે, ૫ ડિસેમ્બરથી રાહુનું આઠમા ભાવમાં ગોચર શરૂ થતાં આરોગ્ય, અણધાર્યા ખર્ચાઓ અને દૈનિક કામકાજમાં અણધારી અડચણો અંગે વિશેષ સાવચેતી રાખવી અનિવાર્ય બનશે. આ ઉપરાંત ૨ જૂન પછી શનિનું ગોચર સંતાન, શિક્ષણ, બૌદ્ધિક ક્ષેત્ર અને ધંધાકીય બાબતોમાં અપેક્ષા કરતાં વધુ મહેનત અને પરિશ્રમ માગી લેશે.

માનસિક સ્થિતિ : મન ચંચળ અને અસ્થિર રહેવાની શક્યતા

ગ્રહોની મિશ્ર અને પરિવર્તનશીલ ચાલને કારણે મનમાં સતત ચંચળતા, દ્વિધા અને ચિંતાનો અનુભવ થઈ શકે છે. રાહુ અને શનિના સંયુક્ત પ્રભાવથી અતિશય દોડધામ, માનસિક તણાવ અને કૌટુંબિક પ્રશ્નોને લીધે મન અસ્વસ્થ રહેવાની શક્યતા રહેશે. **ખાસ કરીને વાણી, વર્તન અને વ્યવહાર ઉપર સંયમ રાખવો અત્યંત જરૂરી છે, કારણ કે આવેશમાં બોલાયેલા શબ્દો મુશ્કેલી વધારી શકે છે.** માનસિક સ્થિરતા, એકાગ્રતા અને શાંતિ જાળવી રાખવી બહુ જરૂરી હોય છે.

આરોગ્ય : નાની બેદરકારી પણ ભારે પડી શકે

આરોગ્યની દૃષ્ટિએ આ વર્ષ દરમિયાન વિશેષ કાળજી અને જાગૃતિ રાખવી અત્યંત અનિવાર્ય રહેશે. **૫ ડિસેમ્બર પછી આઠમા ભાવમાં રાહુના પ્રભાવને લીધે વાહન ચલાવતી વખતે, મુસાફરીમાં કે નાની-મોટી ઈજાઓથી ખાસ સાવચેત રહેવું.** ૪ જૂનથી ૨૪ ઓગસ્ટ દરમિયાન વાયરલ, ઋતુગત બીમારીઓ કે સંક્રમણ થવાની શક્યતા વધુ હોવાથી ખોરાક અને પાણીની બાબતમાં ખાસ સાવચેતી રાખવી. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન મોં, દાંત, જડબાં, ગળા, ગરદન, ખભા અને છાતી સંબંધિત શારીરિક સમસ્યાઓ તરફ તુરંત ધ્યાન આપવું અને યોગ્ય સારવાર લેવી. આ ઉપરાંત આંખોની યોગ્ય તપાસ કરાવવી.

આર્થિક સ્થિતિ : આવક સંતોષજનક, પરંતુ ખર્ચ પર નજર જરૂરી

ગુરુના શુભ અને અનુકૂળ પ્રભાવથી આવકના નવા સ્રોત ઊભા થશે, નાણાકીય સ્થિતિમાં સુધારો થશે અને ભૂતકાળમાં રોકાયેલા કે અટવાયેલા નાણાં પરત મળવાની શક્યતા રહેશે. નવી આર્થિક યોજનાઓ અમલમાં મૂકી શકાશે. તા. ૨૪/૦૧/૨૦૨૭ થી તા. ૨૫/૦૬/૨૦૨૭ દરમિયાન આપણી રાશિથી બીજા ભાવમાં ગોચર કરતો ગુરુ સારો પૈસો, મિલકત અને ભૌતિક સુખ આપી જાય. પરંતુ સામે પક્ષે રાહુના પ્રતિકૂળ ગોચરને કારણે અચાનક તબીબી, કૌટુંબિક કે અન્ય અણધાર્યા ખર્ચાઓનું પ્રમાણ વધી શકે છે, જેનાથી તમારું પૂર્વ-આયોજિત બચતનું માળખું કે બજેટ ખોરવાઈ શકે છે. **કોઈપણ નવું કે મોટું નાણાકીય રોકાણ કરતાં પહેલાં અનુભવી એક્સપર્ટસની સલાહ અવશ્ય લેવી.**

ધંધાકીય : ઉતાર-ચઢાવ વચ્ચે વિસ્તરણની નવી તકો

વેપાર-ધંધા અને વાણિજ્યિક ક્ષેત્ર માટે આ વર્ષ સતત ઉતાર-ચઢાવવાળું રહેવા છતાં પણ કેટલીક ઉત્તમ અને પ્રગતિશીલ તકો લઈને આવશે. વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી અને ત્યારબાદ ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરુનો સાનુકૂળ પ્રભાવ રહેશે. **આ સમયગાળો નવા ઓર્ડર મેળવવા, વેપારનો વિસ્તાર કરવા તેમજ નવી શાખા, દુકાન કે નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે અત્યંત મદદરૂપ નીવડશે.** પરંતુ ૫ ડિસેમ્બર પછી રાહુના પ્રભાવથી લેણી રકમો કે ઉધારીના નાણાં ફસાઈ જવાની પૂરી શક્યતા હોવાથી નવા માલની ખરીદીમાં કે દૈનિક વર્કિંગ કેપિટલમાં નાણાકીય ખેંચ વર્તાઈ શકે છે. ૨ જૂન પછી આયાત-નિકાસ, લોખંડ, સ્ટીલ, કેમિકલ્સ, કમ્પ્યુટર હાર્ડવેર-સોફ્ટવેર અને આઈટી એસેસરીઝના વ્યવસાય સાથે જોડાયેલા જાતકોએ વિશેષ સાવચેતી રાખવી.



નોકરી અને કારકિર્દી : કામગીરીની યોગ્ય નોંધ લેવાશે

નોકરીયાત વર્ગ માટે આ વર્ષ મધ્યમ પરંતુ એકંદરે શુભ ફળદાયી નીવડશે. ઓફિસ કે કાર્યસ્થળ પર ઉપરી અધિકારીઓ, સહકર્મીઓ અને તાબેદારો તરફથી સારો સહકાર મળી રહેશે. તમારી કાર્યક્ષમતા, પ્રામાણિકતા અને સમર્પણની યોગ્ય નોંધ લેવાશે તથા વાર્ષિક મૂલ્યાંકનમાં પ્રશંસા પણ થશે. **જે જાતકો લાંબા સમયથી પ્રમોશન કે મનપસંદ સ્થળે બદલીની રાહ જોઈ રહ્યા છે તેમના માટે શુભ યોગ બની રહ્યાં છે.** વર્ષના પ્રારંભમાં કૌટુંબિક પ્રશ્નો કે ઘરેલુ જવાબદારીઓને લીધે વારંવાર રજાઓ લેવાની જરૂર પડે તો કામની ગુણવત્તા પર તેની વિપરીત અસર ન પડે તે જોવું.

કુટુંબ અને પ્રેમસંબંધો : સમજદારીથી સંબંધો સાચવવા

કૌટુંબિક બાબતો અને ખાસ કરીને વારસાગત મિલકતના પ્રશ્નોમાં ગૂંચવણો ઊભી થવાની શક્યતા રહેશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન વચ્ચે સંયુક્ત મિલકત, પરિવારના આંતરિક પ્રશ્નો કે ઘરની બાબતોમાં પરિવારના સભ્યો વચ્ચે મનભેદ કે મતભેદ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. ૨ જૂન પછી શનિના પ્રભાવથી સંતાનના અભ્યાસ, તેમના આરોગ્ય કે તેમની સાથેના વૈચારિક મતભેદોને કારણે મનમાં સતત ચિંતા રહી શકે છે. અવિવાહિત જાતકો માટે યોગ્ય જીવનસાથીની પસંદગી માટે લગ્નની વાતચીત આગળ વધી શકે છે અને વિવાહના યોગ બનશે. **દાંપત્ય જીવનમાં પણ અહંકાર ટાળવો અને નાની-નાની ઘરગથ્થુ બાબતોને મોટું સ્વરૂપ ન આપવું.**

શિક્ષણ : મહેનતનું યોગ્ય અને સંતોષજનક પરિણામ

વિદ્યાર્થીવર્ગ માટે ગુરુનો અનુકૂળ અને શુભ પ્રભાવ આશીર્વાદરૂપ સાબિત થશે. સમગ્ર વર્ષ દરમિયાન કરેલી સખત મહેનત અને લગનનું યોગ્ય અને ઉત્સાહવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ કે વિદેશ જઈને ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સાનુકૂળ તકો અને દ્વાર ઊભા થશે. જૂન મહિના પછી શનિના ગોચરના પ્રભાવને લીધે અભ્યાસમાં ચિત્ત ન ચોંટવું, સુસ્તી કે કેટલીક રુકાવટો આવવાની શક્યતા રહે છે, પરંતુ **આયોજનબદ્ધ ટાઈમ ટેબલ, શિસ્ત અને સતત પરિશ્રમથી તે તમામ અડચણોને સહેલાઈથી પાર કરી શકાશે.**

કોર્ટ-કચેરીના મામલા : વાણી અને સહી બંનેમાં સાવચેતી

કાયદાકીય બાબતો, કોર્ટ-કચેરીના દાવાઓ અને સરકારી કામકાજમાં આ વર્ષ અત્યંત વિવેકબુદ્ધિ અને ધૈર્યથી કામ લેવું. કૌટુંબિક મિલકત, જમીન-મકાન કે સંયુક્ત હિત ધરાવતા વિવાદોમાં પોતાની વાણી પર પૂર્ણ સંયમ રાખવો. ઉશ્કેરાટમાં આવીને કોઈ **કાયદાકીય બાબત કોર્ટ-કચેરી સુધી પહોંચે તે પહેલાં જ પરસ્પર શાંતિથી અને વાટાઘાટોથી ઉકેલ લાવવાનો નમ્ર પ્રયાસ કરવો હિતાવહ રહેશે.**

સરકારી કામકાજ : સમજદારી અને ચકાસણી જરૂરી

સરકારી કામકાજ, ટેક્સેશન, લાયસન્સિંગ કે દસ્તાવેજી પ્રક્રિયાઓમાં ખાસ જાગ્રત અને સાવધાન રહેવું. કૌટુંબિક કે સંયુક્ત મિલકત સંબંધિત બાબતોમાં જો સરકારી પ્રક્રિયા કે મંજૂરી મેળવવાની હોય, **તો તમામ કાયદાકીય વિગતો, નિયમો અને શરતો જાતે રૂબરૂ ચકાસીને જ આગળ વધવું.**

પ્રવાસ : દેશ-વિદેશના પ્રવાસના સુંદર યોગ

નોકરી, ધંધાકીય વ્યાવસાયિક અર્થે કે ધાર્મિક હેતુથી દેશ-વિદેશના પ્રવાસો થવાની પૂરી શક્યતા રહેલી છે. સગા-સંબંધીઓની કંપનીમાં, આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં અથવા બહારગામ કામ કરતા જાતકોને વિદેશ જવાની કે લાંબી મુસાફરી કરવાની ઉત્તમ તક મળી રહેશે. **પ્રવાસ દરમિયાન પોતાના નાણાં, પાસપોર્ટ, મહત્વના સામાન અને કિંમતી વસ્તુઓની સુરક્ષા પ્રત્યે કોઈ પણ પ્રકારની બેદરકારી દાખવવી નહીં.**

સ્ટોક માર્કેટ : સટ્ટાકીય અને જોખમી સાહસથી બચવું

આજના આધુનિક યુગમાં વધતા જતાં ડિજિટલ અને સાયબર ફ્રોડથી આ વર્ષે વિશેષ સાવધાન રહેવું. **કોઈપણ અજાણી વ્યક્તિ, અજાણી લિંક કે લોભામણી સ્કીમ પર વિશ્વાસ મૂકીને નાણાંકીય વ્યવહાર કે ઓનલાઈન ટ્રાન્સફર કરવા નહીં.** ગુરુનું પરિબળ આર્થિક રીતે રાહત આપશે, પરંતુ રાહુ અને શનિના પ્રભાવને કારણે જોખમી સટ્ટાકીય રોકાણો કે અજાણી યોજનાઓમાં મૂડી ફસાઈ જવાનું ખૂબ મોટું જોખમ રહેલું છે. માત્ર લાંબા ગાળાના, સુરક્ષિત અને સંપૂર્ણ અભ્યાસ કરેલા રોકાણના માર્ગો જ પસંદ કરવા. **(શીર્ષક પંક્તિ : ડો. મુકુલ ચોકસી)**

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

- **ગુરુની અસર :** મિથુન રાશિ માટે ગુરુનું ગોચર સમગ્ર વર્ષ દરમિયાન અત્યંત મહત્વપૂર્ણ અને નિર્ણાયક રહેશે. ખાસ કરીને વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી સુધી અને ત્યારબાદ **૨૫ જૂનથી વર્ષના અંત સુધી ૩જા ભાવમાં પરિભ્રમણ કરતા ગુરુના સાનુકૂળ પ્રભાવથી યશ, પદ, માન-સન્માન, નાણાકીય સ્થિતિમાં સુધારો થશે.**
- **શનિની અસર :** ૨ જૂન પછી શનિનું ગોચર સંતાન પક્ષ, ઉચ્ચ અભ્યાસ અને ધંધાકીય ક્ષેત્રે કેટલીક વિલંબ કે અડચણો ઊભી કરી શકે છે. આયાત-નિકાસ અને ટેક્નિકલ/આઈટી ક્ષેત્રના લોકોએ બમણી મહેનત કરવી પડશે.
- **રાહુ ની અસર :** ૫ ડિસેમ્બરથી રાહુ આઠમા ભાવમાં પ્રવેશતાં અણધાર્યા ખર્ચ, આરોગ્યની સમસ્યાઓ તથા ચાલુ કામમાં અચાનક અડચણો આવી શકે છે. ૮માં ભાવમાં રાહુ ઝેરી જીવજંતુઓ કરડવાનો અને દવાઓની આડ અસરનો ભય રખાવે છે.